BUSINESS મિત્ર Plus

# મેમરી, બીટકોઇન, બુલિયન, એગ્રીકોમોડિટી સહીત તમામ રિસ્કી એસેટ ધડામ

**એ**આઇ મેમરી ચિપ્સ અને ટેકનોલોજી શેરોની વનવે તેજીને બ્રેક લાગ્યો છે. સાથોસાથ બિટકોઈનથી માંડી બુલિયન સુધીની તમામ રિસ્કી એસેટમાં પણ પેનિક સેલિંગ આવ્યું છે. ટેકનોલોજી શેરોનો બેન્ચમાર્ક નાસદાક ૧૦૦ શુક્રવારે ૧૪૦૦ પોઈન્ટ, અંદાજે ૪.૭૦ ટકા તૂટયો છે. કોરિયા શેરબજાર પણ એક દિવસમાં ૫.૫૦ ટકા તૂટયું છે. વિશ્વમાં સૌથી હોટ બજાર કોરિયામાં એફઆઈઆઈ આઉટફ્લો ૭૬ અબજ ડોલર જેવો મોટો છે. મેમરી મેનિયા મામલે રોકાણકારો-ફંડ મેનેજરોનું રિઆલીટી ચેક ઉકત આંકડાઓ બતાવે છે. માઈક્રોન, સામસંગ, એસકે હાઈનીકસ જેવી કંપનીઓ હમણાહમણા ટ્રિલિયન ડોલર કલબમાં જોડાઇ હતી એ ત્રણેય કંપનીઓમાં તીવ્ર કરેકશન આવ્યું છે. શુક્રવારે જોબ ડેટા મજબૂત આવ્યા પછી અમેરિકામાં વહેલા મોડા રેટ હાઈક આવવો નક્કી છે પણ એ પહેલા ઈસીબી, યુકેમાં એકથી વધારે રેટ હાઈક ઝડપી મોનીટરી ટાઈટનીંગ આવવાની ગણતરીથી સોનાચાંદી, બીટકોઈન જેવી રિસ્કી એસેટમાં ડિપ કરેકશન આવ્યું છે. સોનું ૫૬૦૦ ડોલરના ટોપથી ઘટી હાલ ૪૩૨૮ ડોલર થયું છે. શુક્રવારે એક જ દિવસમાં ૧૨૮ ડોલર તૂટયા છે એ જોતા હવે મંદીનું મોમેન્ટમ થોડુ તેજ બની શકે. સોનું ૪૧૦૦ ડોલરનું તાજેતરનું બોટમ તોડી શકે. ચીને સતત ૧૯માં મહીને સોનાની ખરીદી ચાલુ રાખી છે પણ ઈટીએફ ડિમાન્ડ, હેજ ફંડનોની ફેન્સી હવે ઓસરી છે. સોનામાં હાલ પુરતુ સેન્ટિમેન્ટ અને ટેકનીકલ મોમેન્ટમ કમજોર પડી ગયા છે. ચાંદી અને બીટકોઈનનો ઘટાડો તો વધારે તીવ્ર છે. ચાંદી શુક્રવારે એક જ દિવસમાં ૮ ટકા તૂટી હતી. વરસના આરંભે ટોચના ભાવ ૧૨૦ ડોલરથી ઘટીને ચાંદી હાલ ૬૭.૮૮ ડોલર થઈ છે. સ્થાનિક બજારમાં ચાંદીના ભાવ શુક્રવારે એક જ દિવસમાં ૧૪૦૦૦ ઘટીને ૨૪૮૦૦૦ થયા ચે. ચાલુ વરસે ટોપ ભાવ ૪.૨૦ લાખ હતો તે હાલ ૨.૪૮ થઈ ગયો છે. બીટકોઈનમાં પણ ઉભરા જેવા ઉછાળા વચ્ચે ભાવ ૬૦૦૦૦ ડોલર નીચે જતો રહ્યો છે. ગત વરસે બીટકોઈનમાં ટોપ ૧૨૫૦૦૦ ડોલર હતું એની સામે હાલ ૬૦૦૦૦ ડોલરનો ભાવ જોતા બીટકોઈન ૫૦ ટકાથી વધારે તૂટયો છે. ક્રિપ્ટો એસેટમાં ટોટલ માર્કેટ કેપ બે ટ્રિલિયન ડોલર જેવું ઘટયું છે. કાર્ડાનો કે સોલાના જેવા સંખ્યાબંધ ઓલ્ટકોઈન, પ્રાઈવેટ ટોકનના ભાવોમાં ૫૦-૬૦ કે ૯૦ ટકા સુધીનો ઘટાડો છે. લાખો પ્રાઈવેટ ટોકનમાંથી




**અલ નીનો- હોર્મુઝ અને સ્પેસ એકસ આઈપીઓ આ સપ્તાહના મોટા વાઈલ્ડ કાર્ડ**

અનેક ટોકન ઝિરો થઈ ગયા છે. એઆઇ હાઈપની સાથોસાથ સ્પેસ એક્સ આઈપીઓના મેનિયા- સુપર હાઈપ અગાઉ બીગ ટેક શેરો અને ખાસતો માઈક્રોસોપટ, ગુગલ જેવા હાઈપર સ્કેલર શેરોમાં તીવ્ર્ કરેકશન ભ્રમનિરસન , રિઆલીટી ચેકનો સરસ મોકો છે. ઈલોન મસ્કના મહત્વાકાંક્ષી આઈપીઓ સ્પેસ એકસનું લિસ્ટિંગ

**બિરેન વકીલ**

અને વેલ્યુએશન પર જગત આખાના હાઈ નેટવર્થ- સુપરરિચ રોકાણકારો- ફંડોની નજર છે. સ્પેસ એકસ ૧૩૫ ડોલરના ભાવે ૫૫૫.૬ મિલિયન શેરો ઓફર કરી ૭૫ અબજ ડોલર ભંડોળ ઓલ પ્રાઈમરી શેરો દ્વારા ઉભુ કરશે. મતલબ કે આ કેશ કંપનીને મળસે, જે રોકાણકારો ( અર્લી ઈન્વેસ્ટરોને નહી મળે). પ્રાઈસીંગ ૧૧ જૂને થસે, પહેલો ટ્રેડ ૧૨ જૂને થસે. વિશ્વની સૌથી મોટી તેલ કંપની સાઉદી અરમાકો કરતા અઢી ગણો મોટો આઈપીઓ છે. મસ્કનો વોટિંગ શેર ૯૩ ટકા જેવો હોઈ શકે. લો ફલોટિંગ હોઈ અને એઆઈ-સ્પેસ ઈકોનોમી-મસ્કનું નામ હોઈ લિસ્ટિંગ પછીની ચાલ કેવી હોય એની આગાહી શકય નથી.

જાગતીક સંજોગોની વાત કરીએ તો હોર્મુઝ કટોકટીને આજે ૧૦૦ દિવસ થયા છે. રશિયા-યુક્રેન વોરને પણ ચાર વરસ પુરા થયા છે. હવે યુક્રેનના હુમલા મોસ્કો, સેંટ પિટસબર્ગ સુધી પહોચ્યા છે. ઈઝરાયેલ- લેબેનોનથી માંડી મિડલ ઈસ્ટમાં યુધ્ધવિરામ નામ માત્રનો છે. મીડલ ઈસ્ટમાં તનાવ ચરમસિમાએ છે. અને શેરબજારોમાં ટેક ફેન્સી પણ ચરમસિમાએ છે. ફુગાવો, રાજકીય-સામાજીક અરાજકતા પણ વધતી ચાલી છે. શેરબજારોની મદહોશી ૧૮૩૦ના યુકે રેઈલ બબલ અને અમેરિકાના ૧૮૬૫ રેઈલરોડ બબલની યાદ અપાવે છે. ૧૮૩૦ના યુકે બબલ વખતે યુકેમાં વ્યાજદરો ૨.૫૦ ટકા, અંદાજે ૧૫૦ વરસના નીચા સ્તરે હતા. ૧૮૭૩માં અમેરિકી રેલરોડ બબલ ફુટયો. ફરી પાછા આજની વાત પર આવીએ તો ક્રુડમાં કરેકશન અને યુધ્ધ જલ્દી પુરુ થવાના આશાવાદે હાલ પુરતુ બજારોનો મૂડ થોડો અપબીટ છે.

ઘરઆંગણે વાત કરીએ જીડીપી વિકાસદર ૭.૫ ટકા જેવો સારો નોંધાયો છે. તો રિઝર્વ બેન્કે વ્યાજદર નહી વધારીને રાહત આપી છે પણ આગળ જતા ક્રુડ કે મોંઘવારી વધે, અલ નીનો ચોમાસા માટે પ્રતિકૂળ બને તો અનાજ-કઠોળ તેલીબીયામાં તેજી શેરબજાર- રુપિયા પર પણ દબાવ લાવી શકે. ભારત-અમેરિકા વચ્ચે વચગાળાનું ટ્રેડડિલ ટુંક સમયમાં થશે, ભારતીય બજારોમાં સિલેકટેડ સેકટરમાં વેલ્યુએસન, ડિવિડંડ યિલ્ડ એટ્રેકટિવ છે. એસેટ હેવી, લાઈટ ઓન ડેટ, લાર્જ કેપ, કેપિટલ ગુડસ, ઈન્ફ્રા શેરોમાં ફેમીલી ઓફિસ, ગ્લોબલ મેક્રો ફંડ, અલ્ટ્રા એચએનઆઇ અને એચએનઆઇ, એઆઈએફ સેકટરનું બારગેન બાઈંગ દેખાય છે. શેરબજાર માટે ચોમાસુ, હોરમુઝ હાલ પુરતા મોટા વાઈલ્ડકાર્ડ છે.

કરન્સી બજારોની વાત કરીએ તો રૂપિયો ૯૬.૬૯૬ના ઓલટાઈમ લોથી સુધરીને ૯૪.૯૪ થયો છે. નજીકના લેવલ૯૪.૪૦-૯૩.૮૦-૯૩.૩૦ છે. હાલ પુરતુ ૯૫.૩૦-૯૫.૬૦ રેઝિસટન્સ છે. ડોલેકસ પણ ૧૦૦ પર ટકી જતા આગળ પર ૧૦૨.૫૦ સુધી જઈ શકે. અમેરિકામાં જોબડેટા- જીડીપી જેવા મેક્રો ડેટા હજમ થતા નથી. એવરીથિંગ ઈઝ રિગ્ડ એવી શંકા થાય છે.

## વધતી નાણાકીય ખાધ વચ્ચે સરકારની બજેટરી ખર્ચાઓમાં કાપ મૂકવાની તૈયારી ?

**અં**દરની બાબતોથી વાકેફ એવા કેટલાક અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઊંચા તેલના ભાવોને લીધે સબસિડીના બિલમાં વધારો થતાં અને નાણાકીય સઘનીકરણની યોજનાઓ ખોરવાઈ જવાની આશંકા વચ્ચે ભારત સરકાર બજેટના કેટલાક હિસ્સાઓમાં ખર્ચ કાપ મૂકવા અંગે વિચારણા કરી રહી છે. આ ચર્ચાઓ ખાનગી હોવાથી અધિકારીઓએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે છેલ્લા એક મહિનામાં નાણા પ્રધાન નિર્મલા સીતારમણ સાથેની બેઠકોમાં વિવિધ વિકલ્પોની સમીક્ષા કરવામાં આવી છે, જોકે હજી સુધી કોઈ અંતિમ નિર્ણય લેવાયો નથી.

મૂડીખર્ચ અથવા સંરક્ષણના બજેટમાં ઘટાડો કરાય તેવો અવકાશ ઓછો રહે છે. તેના બદલે, અધિકારીઓ એવા અન્ય ક્ષેત્રોની સમીક્ષા કરી રહ્યા છે જ્યાં ખર્ચ ઘટાડી શકાય તેમ છે, જેમ કે જળ સંસાધનો માટેની ફાળવણી અને રાજ્યોને અપાતી લોન. આ અંગે ટિપ્પણી માટે કરવામાં આવેલી વિનંતીનો ભારતના નાણા મંત્રાલયના પ્રવક્તાએ કોઈ જવાબ આપ્યો ન હતો. પશ્ચિમ એશિયાનો સંઘર્ષ લાંબો ખેંચાતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર વધતી આર્થિક પડકારોનો સામનો કરી રહી છે. તેલ આયાતનું બિલ વધી ગયું છે, રૂપિયો રેકોર્ડ નીચલા સ્તરે પહોંચી




વધુ લોન લેવી પડશે. આ મામલાથી પરિચિત અધિકારીઓએ જણાવ્યું હતું કે, સરકાર બજેટમાં નક્કી કરેલા સ્તરો કરતાં વધુ ઉધાર લેવાથી બચી રહી છે કારણ કે વધારાનું દેવું બોન્ડ યીલ્ડને ઊંચે લઈ જઈ શકે છે. આવા સંજોગોમાં બજેટમાં જે નક્કી કરાયા હતા તેવા ચોક્કસ ખર્ચાઓ પર કાપ મૂકવો તે એક બહેતર ઉપાય બની શકે છે.

ભારતે આ નાણાકીય વર્ષમાં ખાતર સબસિડી માટે ૧.૭૧ ટ્રિલિયન રૂપિયાનું બજેટ રાખ્યું છે, પરંતુ અધિકારીઓનો અંદાજ છે કે જો વૈશ્વિક ઊર્જાના ભાવ ઊંચા રહેશે તો આ બિલ લગભગ બમણું થઈ શકે છે. આ સાથે જ, મધ્યસ્થ બેંક (RBI) તરફથી

**ઈકોનોમી ઈન્સાઈડર**

અપેક્ષા કરતાં ઓછું ડિવિડન્ડ મળવાને કારણે સરકાર પાસે આ વધારાના ખર્ચને સરભર કરવા માટે મર્યાદિત નાણાકીય બફર બચ્યું છે. ખર્ચમાં કાપ મૂકવાનો કોઈપણ નિર્ણય મોદી સરકાર

**ખર્ચમાં કાપ મૂકવાનો કોઈપણ નિર્ણય મોદી સરકાર માટે રાજકીય રીતે મુશ્કેલ સાબિત થઈ શકે છે, કારણ કે તેનાથી ગ્રામીણ વિસ્તારો માટેની સરકારની મહત્વની કલ્યાણકારી યોજનાઓને અસર થવાનું જોખમ છે. રાજ્યોના ભંડોળમાં ઘટાડો કરવો એ પણ એક રાજકીય વિવાદનું કારણ બની શકે છે**

ગયો છે અને ફુગાવો રિઝર્વ બેંકના ૪% ના લક્ષ્યાંકને વટાવી જવાની આશંકા છે.

પશ્ચિમ એશિયાના યુદ્ધ વચ્ચે નાણાકીય વર્ષ ૨૦૨૭માં ભારતની નાણાકીય ખાધ વધીને જીડીપીના ૪.૭% થઈ શકે છે. ૫૦ મંત્રાલયો દ્વારા ખર્ચમાં કાપ મૂકવાથી કેન્દ્ર સરકારને નાણાકીય વર્ષ ૨૦૨૬ (FY26) નો નાણાકીય ખાધનો લક્ષ્યાંક પૂરો કરવામાં મદદ મળી હતી એમ પણ કહેવાય છે. અર્થશાસ્ત્રીઓ ચેતવણી આપે છે કે તેલના વધતા ભાવો ૩૧ માર્ચ ૨૦૨૭ના રોજ પૂરા થતા વર્ષમાં નાણાકીય ખાધને જીડીપીના ૪.૩% સુધી મર્યાદિત કરવાના સરકારના લક્ષ્યને જોખમમાં મૂકી શકે છે, જેના પરિણામે રોગચાળા પછી પ્રથમ વખત નાણાકીય લક્ષ્યાંક ચૂકવાની સ્થિતિ સર્જાઈ શકે છે. ગયા અઠવાડિયે જાહેર થયેલા આંકડા દર્શાવે છે કે નાણાકીય વર્ષના પ્રથમ મહિના, એપ્રિલમાં જ નાણાકીય ખાધ ગયા વર્ષની સરખામણીએ લગભગ બમણી થઈને ૩.૬ ટ્રિલિયન રૂપિયા ($૩૭.૮ બિલિયન) થઈ ગઈ છે, કારણ કે ખર્ચ આવકની પ્રાપ્તિ કરતાં ઘણો વધારે રહ્યો છે. વધતી જતી બજેટ ખાધને કારણે સરકારે અન્ય સ્ત્રોતોમાંથી આવક ઊભી કરવી પડશે અથવા માટે રાજકીય રીતે મુશ્કેલ સાબિત થઈ શકે છે, કારણ કે તેનાથી ગ્રામીણ વિસ્તારો માટેની સરકારની મહત્વની કલ્યાણકારી યોજનાઓને અસર થવાનું જોખમ છે. રાજ્યોના ભંડોળમાં ઘટાડો કરવો એ પણ એક રાજકીય વિવાદનું કારણ બની શકે છે. દક્ષિણના ઘણા વિપક્ષ શાસિત રાજ્યોએ ભૂતકાળમાં કેન્દ્ર સરકાર દ્વારા ટેક્સની આવકની અસમાન વહેંચણી અંગે ચિંતા વ્યક્ત કરી છે, જેનાથી રસ્તા, બંદરો અને હાઈવે પર ખર્ચ કરવાની તેમની ક્ષમતા મર્યાદિત બને છે. હાલ પૂરતી આ ચર્ચાઓ પ્રારંભિક તબક્કામાં છે અને અધિકારીઓ વર્ષના બીજા ભાગમાં પરિસ્થિતિની ફરી સમીક્ષા કરે તેવી અપેક્ષા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, જો ખર્ચમાં ઘટાડો લાગુ કરવામાં આવે તો પણ, જો તેલના ભાવ વર્તમાન સ્તરે જ રહેશે તો ખાધને નિયંત્રણમાં રાખવા માટે તે પૂરતું નહીં હોય. સરકારે વિદેશી ભંડોળ બહાર જતું રોકવા, રૂપિયાને મજબૂત કરવા અને વિદેશી મૂડી આકર્ષવા માટે શ્રેણીબદ્ધ પગલાંની જાહેરાત કરી દીધી છે, જ્યારે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ બજારની સતત અસ્થિરતા વચ્ચે તેના ફોરેક્સ રિઝર્વ (વિદેશી હૂંડિયામણ ભંડોળ)ને મજબૂત કરવાનો પ્રયાસ કર્યો છે.

## 2026માં જીડીપી વૃદ્ધિ અપેક્ષા કરતા વધુ, પણ 2027માં ધીમી પડશે

**ભા**રતના જીડીપીના ડેટા જાહેર થયા છે, જે નાણાકીય વર્ષ 2026માં ભારતની અર્થવ્યવસ્થા 7.7 ટકાની ઝડપે વૃદ્ધિ પામી છે. નાણાકીય વર્ષ 2024-25માં વૃદ્ધિદર 7.1 ટકા હતો. સરકારે ફેબ્રુઆરીમાં અંદાજ લગાવ્યો હતો કે નાણાકીય વર્ષ 2026માં ભારતની અર્થવ્યવસ્થા 7.6 ટકાના દરે વૃદ્ધિ પામી શકે છે. પણ ચિંતાનો વિષય એ છે કે ભારતીય અર્થવ્યવસ્થા આગામી દિવસોમાં કેવી રહેશે, ખાસ કરીને જીડીપી વૃદ્ધિદર ઘટી શકે છે.

અર્થશાસ્ત્રીઓને ડર છે કે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ, ઉર્જાના ઉંચા ભાવો અને વૈશ્વિક અનિશ્ચિતતાઓને કારણ ચાલુ નણાકીય વર્ષ 2026-27માં વૃદ્ધિદર ધીમો પડી શકે છે. એનએસઓ દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર જાન્યુઆર-માર્ચ 2026 કવાર્ટરમાં દેશના જીડપી દર 7.8 ટકા હતો. ઓકટોબર-ડિસેમ્બર 2025 કવાર્ટરમાં તે 8 ટકા હતો. આમ, ગત વર્ષની સરખામણીએ ધીમે ધીમે ઓછો થતો જાય છે. નાણાકીય વર્ષ 2026 માટે જીડીપી વૃદ્ધિદર 7.7 ટકા હતો, જે 7.6 ટકાના બીજા આગોતરા અંદાજ કરતા વધારે છે. અર્થશાસ્ત્રીઓ કહે છે કે મજબૂત સ્થાનિક માગ, સારા ખાનગી વપરાશ અને રોકાણની પ્રવૃત્તિઓમાં વધારો થવાને કારણે, સ્થાનિક અર્થતંત્ર મીડલ ઈસ્ટના સંઘર્ષની પ્રારંભિક અસરનો સામનો કરવામાં સક્ષમ હતું.

ક્રિસિલના ચીફ ઈકોનોમીસ્ટ ધર્મકિર્તી જશીનું કહેવું છે કે, પ્રતિકુળ પરિસ્થિતિઓ હોવા છતાં માર્ચ કવાર્ટરમાં વૃદ્ધિ છેલ્લા 10 કવાર્ટરની સરેરાશ કરતા ઘણી વધારે હતી. ડેલોઈટ ઇન્ડિયાના અર્થશાસ્ત્રી રૂમ્કી મજુમદારે જણાવ્યું હતું કે, માગ અને ઉત્પાદન બંનેએ વૃદ્ધિમાં ફાળો આપ્યો છે. ગ્રોસ વેલ્યુએડેડ ગ્રોથ 7.9 ટકા રહ્યો હતો. આ સુચવે છે કે, સેવા ક્ષેત્ર, ઉત્પાદન ક્ષેત્ર અને બાંધકામ ક્ષેત્ર મજબૂત રહ્યું છે.

વિશ્લેષકો ચાલુ નાણાકીય વર્ષ 2026-27માં અર્થતંત્રના વૃદ્ધિ દરમાં ઘટાડો થવાની અપેક્ષા રાખે છે. તે ઘટીને 6.5-6.6 ટકા થઈ શકે છે. આ ક્રૂડ ઓઈલ અને અન્ય કોમોડિટીઝના વધતા ભાવ, ધીમી વૈશ્વિક વૃદ્ધિ, સપ્લાય ચેઈનમાં વિક્ષેપ અને સામાન્ય ચોમાસાની સંભાવનાને કારણે છે. ક્રિસિલે ચાલુ નાણાકીય વર્ષ માટે ૬.૬ ટકાની વૃદ્ધિની આગાહી જાળવી રાખી છે. એચડીએફસી બેન્કે 6.5 ટકાની વૃદ્ધિ દર્શાવી છે. બંને સંસ્થાઓએ ચેતવણી આપી છે કે વધતા ખર્ચ, નબળી નિકાસ, ઊંચો ફુગાવો અને રોકાણની પ્રવૃત્તિમાં સંભવિત મંદી આર્થિક વિકાસને અસર કરી શકે છે.

ડેલોઈટ ઈન્ડિયાના રૂમકી મજુમદારના જણાવ્યા અનુસાર, જીવીએ ગ્રોથ 7.9 ટકા અને જીડીપી ગ્રોથને પાછળ છોડી દેવાથી ભારતનું વિસ્તરણ માત્ર માંગ પર આધારિત નથી. તેના બદલે, તેને સારા ઉત્પાદન દ્વારા પણ ટેકો આપવામાં આવ્યો હતો. સર્વિસીસ, ઉત્પાદન અને બાંધકામ ક્ષેત્રોની કામગીરી દર્શાવે છે કે અર્થતંત્ર મજબૂત સ્થિતિમાંથી વૈશ્વિક અનિશ્ચિતતાના સમયગાળા તરફ આગળ વધ્યું છે. આ તેને પુરવઠાની બાજુથી સંભવિત આંચકાઓનો વધુ સારી રીતે સામનો કરવામાં મદદ કરશે.

અમારૂં માનવું છે કે આગામી મહિનાઓમાં મીડલ ઈસ્ટમાં તણાવ ઓછો થશે અને તેની સાથે સંકળાયેલી સપ્લાય ચેઈનની સમસ્યાઓ વર્ષના અંત સુધીમાં ધીમે ધીમે હળવી થશે. ભારતની મજબૂત સ્થાનિક માંગ અને સરકારની સક્રિય પહેલોએ અર્થતંત્રને બાહ્ય પડકારોનો સામનો કરવામાં મદદ કરવી જોઈએ. સરકારનો પ્રારંભિક તબક્કાનો મૂડી ખર્ચ કાર્યક્રમ પહેલાથી જ વિકાસને ટેકો આપી રહ્યો છે, એવા સમયે જ્યારે વાતાવરણ




ખાનગી રોકાણ વિશે સાવચેત છે.

ડીબીએસ બેંકનું માનવું છે કે અર્થતંત્ર નવા નાણાકીય વર્ષમાં પ્રમાણમાં મજબૂત સ્થિતિમાં પ્રવેશ્યું છે. પરંતુ મીડલ ઈસ્ટના સંઘર્ષની સંપૂર્ણ

**કરન્ટ-ટોપિક**

અસર હજી ડેટામાં જોવા મળી નથી. બેંકે ઉર્જા અને ખાદ્ય પદાર્થોના ભાવમાં વધારો અને નાણાકીય પરિસ્થિતિઓને કડક બનાવવાને જોખમો તરીકે ટાંક્યા હતા. માર્ચ ક્વાર્ટરમાં ગ્રામીણ અને શહેરી માંગ પ્રમાણમાં મજબૂત રહી હતી. પરંતુ મેન્યુફેક્ચરિંગ સેક્ટરના કેટલાક ક્ષેત્રો ખર્ચ સંબંધિત દબાણનો ભોગ બન્યા હતા.

બજારો હવે જૂના ડેટાથી આગળ વધી શકે છે અને નાણાકીય વર્ષ 2027માં સંભવિત જોખમો પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. આનું કારણ એ છે કે ડાઉનસ્ટ્રીમ ઉદ્યોગો માટે આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો લાંબા સમય સુધી વિક્ષેપિત થઈ શકે છે, ઊર્જા અને ખાદ્ય ચીજવસ્તુઓના વધતા ભાવો લોકોની ખરીદીની ક્ષમતાને અસર કરી શકે છે અને નાણાકીય સ્થિતિ પણ મુશ્કેલ હોઈ શકે છે.

એચડીએફસી બેંકનું કહેવું છે કે છેલ્લા નાણાકીય વર્ષમાં આર્થિક વૃદ્ધિનો આધાર વ્યાપક રહ્યો છે, જેમાં ગ્રાહક ખર્ચ અને રોકાણની પ્રવૃત્તિ બંનેમાં સુધારો જોવા મળ્યો છે. આ એક સકારાત્મક સંકેત છે. જો કે, બેંકે ચેતવણી આપી છે કે તાજેતરના વલણોને સીધા ભવિષ્યમાં લાગુ કરવું યોગ્ય રહેશે નહીં.

પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે થયેલા વિક્ષેપોની અસર આગામી મહિનાઓમાં આર્થિક ડેટામાં ધીમે ધીમે દેખાવાનું શરૂ કરશે. એકંદરે, નિષ્ણાતોનું માનવું છે કે મજબૂત સ્થાનિક ફંડામેન્ટલ્સને કારણે ભારતની અર્થવ્યવસ્થા સ્થિર છે, પરંતુ વૈશ્વિક પરિસ્થિતિઓને કારણે, નાણાકીય વર્ષ 2026-27માં પડકારો વધવાની સંભાવના છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, આ વખતે જીડીપી ગ્રોથના આંકડાની ગણતરી આધાર વર્ષ 2011-12ને બદલે 2022-23ના આધારે કરવામાં આવી છે. બેઝ વર્ષ સમયાંતરે બદલવામાં આવે છે. સરકાર હવે આ નવી શ્રેણીના આધારે વધુ ડેટા જાહેર કરશે. જીડીપીની નવી શ્રેણી હેઠળ જીએસટી નેટવર્ક, ઈ-વ્હીકલ ડેટાબેઝ અને ઘરેલુ રસોઈયાઓ, ડ્રાઈવરો અને ઘરેલુ સહાયકોની સેવાઓ પણ ઉમેરવામાં આવી છે, જેથી આર્થિક અંદાજોને વધુ સચોટ બનાવી શકાય.

**મજબૂત સ્થાનિક ફંડામેન્ટલ્સને કારણે ભારતની અર્થવ્યવસ્થા સ્થિર રહી પણ વૈશ્વિક પરિસ્થિતિઓને કારણે નાણાકીય વર્ષ 2026-27માં પડકારો વધવાની સંભાવના છે**

## વિશ્વના દેશોની મધ્યસ્થ બેંકોએ એપ્રિલમાં કુલ ૧૭ ટન સોનાની ખરીદી કરી

**સો**નુ એ એવી મૂલ્યવાન ધાતુ છે કે જેને ફક્ત કુટુંબો જ નહીં, પણ વિશ્વભરના દેશોની મધ્યસ્થ બેંકો પણ એક મિલકત તરીકે અને કટોકટી સમયની સાંકળ તરીકે સંગ્રહ કરીને રાખે છે. વિવિધ દેશોની મધ્યસ્થ બેંકો તેમના સોનાના જથ્થામાંથી સમય આવ્યે કેટલોક ભાગ વેચે છે અથવા તો ખરીદી કરીને તેમાં ઉમેરો પણ કરે છે. હાલમાં એવા અહેવાલ આવ્યા છે કે વિશ્વની મધ્યસ્થ બેંકો ફરીથી સોનાની ખરીદી તરફ વળી છે. માર્ચ મહિનામાં મધ્યસ્થ બેંકોએ ૩૦ ટન સોનુ વેચ્યા બાદ, એપ્રિલમાં આ સ્થિતિમાં મોટો પલટો આવ્યો છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના અહેવાલ મુજબ, કેન્દ્રીય બેંકોએ એપ્રિલમાં 17 ટન સોનાની ખરીદી કરીને ફરીથી નેટ ખરીદી શરૂ કરી દીધી છે. આ નવો પ્રવાહ દર્શાવે છે કે મધ્યસ્થ બેંકોમાં સોના પ્રત્યેનું આકર્ષણ હજુ પણ યથાવત છે.

પોલેન્ડ 14 ટનની ખરીદી સાથે આ મહિને પણ સૌથી મોટો ખરીદદાર રહ્યો છે, જેનાથી તેની ચાલુ વર્ષની કુલ સોનાની ખરીદી 45 ટન પર પહોંચી ગઈ છે. હવે તેનું કુલ સોનાનું અનામત (ગોલ્ડ રિઝર્વ) 595 ટન છે, જે તેના કુલ અનામતના લગભગ 30% જેટલું થાય છે. ચીને પોતાની ખરીદીની ગતિ તેજ કરી છે અને 8 ટનની ખરીદી સાથે ડિસેમ્બર 2024 પછીની તેની સૌથી મોટી નેટ ખરીદી



નોંધાવી છે, જેનાથી તેની સતત ખરીદીનો સિલસિલો હવે 18મા મહિનામાં પ્રવેશ્યો છે. તેનું સત્તાવાર સોનાનું અનામત હવે આશરે 2,322 ટન છે, જે તેના કુલ અનામતના 9% બરાબર છે. ચેક રિપબ્લિકે સતત 38મા મહિને 3 ટનની ખરીદી કરી છે, જે સાતત્યતાનો એક એવો અદભુત રેકોર્ડ છે જેની બરાબરી બહુ ઓછી કેન્દ્રીય બેંકો કરી શકે છે. તેનું સોનાનું અનામત હવે 79 ટન છે, જે તેના કુલ અનામતના 6% છે. વૈશ્વિક સ્તરે ચીન, ચેક રિપબ્લિક અને પોલેન્ડ સોનાના સૌથી નિયમિત ખરીદદાર તરીકે યથાવત છે.

જો કે, દરેક દેશ ખરીદી નથી કરી રહ્યો. સેન્ટ્રલ બેંક ઓફ રશિયાએ સતત ચોથા મહિને પોતાની નેટ વેચવાલી ચાલુ રાખી છે, જેમાં એપ્રિલમાં તેનું નેટ વેચાણ 6 ટન નોંધાયું છે. ચાલુ વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં રશિયાએ 22 ટન સોનું વેચ્યું છે. સેન્ટ્રલ બેંક ઓફ ઉઝબેકિસ્તાને એપ્રિલમાં 1 ટન સોનું વેચ્યું હતું, જોકે ચાલુ વર્ષના એકંદર આંકડા જોતાં તે 24 ટનની નેટ ખરીદી સાથે પોલેન્ડ પછી બીજા ક્રમે છે. ઉઝબેકિસ્તાનનું સોનાનું અનામત તેના કુલ અનામતના 88% એટલે કે આશરે 414 ટન જેટલું થાય છે. માર્ચ મહિનાની સૌથી મોટી વેચનાર સેન્ટ્રલ બેંક ઓફ તુર્કીએ એપ્રિલમાં સોનાના અનામતમાં કોઈ ખાસ ફેરફાર નોંધાવ્યો નથી. સાપ્તાહિક ડેટા દર્શાવે છે કે ટૂંકા ગાળાના ગોલ્ડ/USD સ્વેપ્સ એપ્રિલમાં પાકી ગયા હતા, જેથી હવે માત્ર લાંબા ગાળાના (1-3 મહિનાના) ગોલ્ડ/USD સ્વેપ્સ જ બાકી બચ્યા છે. ભારતની મધ્યસ્થ બેંક રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા(આરબીઆઈ)એ તાજેતરમાં રૂ. ૧૧ હજાર કરોડનું સોનુ વેચ્યું હોવાના અહેવાલ ફરતા થયા હતા, જો કે આરબીઆઈએ બાદમાં ખુલાસો કરીને આ અહેવાલ ખોટા હોવાનું જણાવ્યું હતું.

પૂર્વી યુરોપ અને એશિયાની કેન્દ્રીય બેંકો સતત ખરીદી સાથે સોનાની બજાર પર પોતાનું પ્રભુત્વ જાળવી રહી છે. છેલ્લા 36 મહિનામાં, બંને પ્રદેશોએ સામૂહિક રીતે સરેરાશ દર મહિને અનુક્રમે 12 ટન અને 11 ટન સોનાની ખરીદી કરી છે. આ જ સમયગાળા દરમિયાન વૈશ્વિક કેન્દ્રીય

**ગ્લોબલ બઝ**

બેંકોની સરેરાશ નેટ ખરીદી 29 ટન રહી છે – જે અનામત વ્યવસ્થાપન (રિઝર્વ મેનેજમેન્ટ)માં સોના તરફ આવી રહેલા માળખાકીય બદલાવને રેખાંકિત કરે છે. માર્ચમાં, કેન્દ્રીય બેંકોએ કુલ 30 ટન સોનાનું નેટ વેચાણ કર્યું હતું, જેમાં તુર્કી 60 ટનના વેચાણ સાથે સૌથી મોટો વિક્રેતા રહ્યો હતો, જેણે વિદેશી હૂંડિયામણ અને લિક્વિડિટી (રોકડ પ્રવાહ) ના હેતુ માટે પોતાના અનામતનો ઉપયોગ કર્યો હતો. રશિયાએ પણ 6 ટનના વેચાણ સાથે આમાં ફાળો આપ્યો હતો. આનાથી વિપરીત, ફેબ્રુઆરીમાં કેન્દ્રીય બેંકો દ્વારા સામૂહિક રીતે 19 ટનની નેટ ખરીદી જોવા મળી હતી. એપ્રિલમાં ફરીથી 17 ટનની નેટ ખરીદી પર પરત આવવું એ સૂચવે છે કે માર્ચ મહિનો એક અપવાદ હતો, કોઈ કાયમી વલણ નહીં.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ (WGC) ના એપ્રિલના અહેવાલમાં ભારતનો કોઈ ઉલ્લેખ નહોતો, જે દર્શાવે છે કે આરબીઆઈ દ્વારા સોનાની કોઈ નવી ખરીદી કરવામાં આવી નથી. 31 માર્ચ, 2026 ના રોજ આરબીઆઈ પાસે સોનાનો ભૌતિક સ્ટોક 880.52 ટન હતો, જે 3 જૂન સુધી યથાવત રહ્યો છે. જો કે, ભારતના કુલ ફોરેક્સ રિઝર્વ (વિદેશી હૂંડિયામણ અનામત) માં સોનાનો હિસ્સો નોંધપાત્ર રીતે વધ્યો છે – જે માર્ચ 2024 માં કુલ વિદેશી અસ્કયામતોના 8.3% હતો તે વધીને માર્ચ 2026 સુધીમાં 17.2% થઈ ગયો છે. આ વધારો મુખ્યત્વે સોનાના ભાવ વધવાને કારણે થયેલા મૂલ્યાંકન લાભને લીધે થયો છે, નવી ખરીદીના કારણે નહીં. આરબીઆઈએ 2024 માં 72.6 ટનની આક્રમક ખરીદી કરી હતી. પરંતુ 2025માં તે નાટકીય રીતે ધીમી પડી ગઈ અને માત્ર 4.02 ટનની ખરીદી થઈ – અને 2026 માં પણ આરબીઆઈએ ભાગ્યે જ કોઈ સોનું ખરીદ્યું છે. ચાર મહિનાના વિરામ પછી, આરબીઆઈએ જાન્યુઆરીમાં 0.13 ટન સોનું ખરીદ્યું હતું પરંતુ ફેબ્રુઆરીમાં કંઈ ખરીદ્યું નહોતું. વર્ષ 2025 દરમિયાન માત્ર 1.3 ટન સોનાની ખરીદી કર્યા પછી, વર્ષના અંતે આરબીઆઈનું કુલ સોનાનું હોલ્ડિંગ 880.3 ટનની રેકોર્ડ સપાટીએ પહોંચ્યું હતું.

**વિશ્વની મધ્યસ્થ બેંકો ફરીથી સોનાની ખરીદી તરફ વળી છે. માર્ચ મહિનામાં મધ્યસ્થ બેંકોએ ૩૦ ટન સોનુ વેચ્યા બાદ, એપ્રિલમાં આ સ્થિતિમાં મોટો પલટો આવ્યો છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના અહેવાલ મુજબ, કેન્દ્રીય બેંકોએ એપ્રિલમાં 17 ટન સોનાની ખરીદી કરીને ફરીથી નેટ ખરીદી શરૂ કરી દીધી છે. આ નવો પ્રવાહ દર્શાવે છે કે મધ્યસ્થ બેંકોમાં સોના પ્રત્યેનું આકર્ષણ હજુ પણ યથાવત છે**